જિલ્લામાં વેક્સિનેશન અભિયાન સઘન બનાવાયુ

જિલ્લામાં ૧૧,૯૦૫ લોકોનું વેક્સિનેશન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાન સઘન બનાવવામાં આવ્યુ છે. તંત્ર દ્વારા આ માટે સતત મોનીટરીંગ શરૂ કરવામાં આવ્યુ છે.

જિલ્લામાં આજે ૧૧,૯૦૫ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. આજે પણ ૧૮+ યુવા વર્ગના સૌથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૨ જેટલી વેક્સિનેશન સાઈટો પર ૮૫૮૨ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪,૩૯,૮૪૮ લોકને પ્રથમ ડોઝ અને ૧,૧૯,૮૪૩ લોકોને વેક્સિનેશનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૦ વધુ સાઈટો પર ૩૩૨૩ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. શહેરમાં અત્યાર સુધીમાં ૩ લાખ ૪૫ હજાર લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લામાં વેક્સિનેશન અભિયાનને હવે પોલિંગ બુથ પેટર્ન પર વેક્સિનેશનમાં વધુ ને વધુ લોકોને આવરી લેવાય તે રીતે આયોજન તૈયાર કરી અને અમલમાં મુકવા જઈ રહેલ છે.

જિલ્લામાં ૯૦ ટકા લોકોએ કોવિશિલ્ડ વેક્સિન પસંદ કરી છે. જ્યારે કોવેક્સિન પણ યુવા વર્ગે વધુ પસંદ કરી હોવાનું જાણવા મળેલ છે.

માતા-પિતા, ભાઈ-બહેન, કાકા-કાકી, મામા-મામી આપણા જીવનમાં આવા કેટલાય સંબંધોનો સરવાળો રચાય છે. કેટલાક સંબંધો ટૂંકાગાળા માટે હોય છે તો કેટલાક લાંબા ગાળાના... કેટકેટલીય ક્ષણે, કેટકેટલાય પ્રસંગો આપણે તેમને મળીને જીવીએ છીએ, માણીએ છીએ. લોહીના આ સંબંધો કદાચ આપણી પસંદગીના હોય ન હોય પરંતુ જીવનમાં એક સંબંધ એવો હોય છે જેની પસંદગી આપણે જાતે કરીએ છીએ, એ સંબંધ છે મિત્રતાનો સંબંધ... મિત્રતા એટલે એવો નિસ્વાર્થ સંબંધ જેનો જોટો જડવો મુશ્કેલ છે. મિત્રો સાથે દિલ ખોલી હસી શકાય, જેના ખભે માથુ રાખી રોઈ શકાય અને કોઈ સંકોચ વગર જેની સામે બધુ જ કહી શકાય. જીવનના વિવિધ તબક્કે આપણને જુદા જુદા મિત્રોનો ભેટો થઈ શકે છે, પરંતુ બાળપણના મિત્રો જીવનમાં ક્યારેય ભુલાતા નથી... જેની સાથે કલાકો સુધી રમ્યા હોઈએ, રખડપટ્ટી કરી હોય, જેની સાથે વરસાદમાં નહાવાનો આનંદ માણ્યો હોય તે ક્યારેય ભુલાતા નથી. તસ્વીરમાં દેખાતા બાળકો બાળપણ-કિશોરાવસ્થાના એવા જ એક તબક્કાનો આનંદ માણી રહ્યા છે જેનું સંભારણુ કદાચ તેમના મનમાં કાયમ માટે અંકિત થઈ જશે. સાઈકલ સવારીની મજા માણતા મિત્રોની આ બેલડી તેમના ત્રીજા મિત્રને બાબાગાડી પર ફેરવવાનો આનંદ માણી રહી છે.

વિકાસના કામો સમય-મર્યાદામાં પૂર્ણ કરવા મનપાએ તાકીદ કરી

વિવિધ બગીચાઓના રિનોવેશનની કામગીરી પણ ધીમી ગતિએ ચાલી રહી છે તેમાં ઝડપ આવે તે જોવા ઈજનેરી શાખાને પણ સૂચના આપવામાં આવી છે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકામાં ઘ-૬ વાળો રોડ જે સ્માર્ટ રોડ બનાવવાની કામગીરી ઉપરાંત બીજા જે વિકાસ કામો ચાલે છે તે સમય-મર્યાદામાં પૂર્ણ કરવા માટે તાકીદ કરવામાં આવી છે.

નાયબ મ્યુનિ. કમિશનર દવેના અધ્યક્ષપદે આજે એન્જીનીયરીંગ શાખાના ઈજારદારોની એક ખાસ બેઠક યોજવામાં આવી હતી. જેમાં વિકાસ કામો જે ચાલે છે તેની સમીક્ષા કરવામાં આવી હતી.

કોરોનાની મહામારીને કારણે શ્રમિકોની અછતની એજન્સીની વાત હવે નહિ સ્વીકારવામાં આવે અને ઝડપથી કામો ગુણવત્તામાં બાંધછોડ કર્યા સિવાય પૂરા કરવા જણાવવામાં આવ્યુ હતુ.

ખાસ કરીને સે. ૨૧માં પાર્કિંગનું કામ જે ધીમી ગતિએ ચાલે છે તેમાં પણ ગતિ લાવવા જણાવી લોકોને જે હાલાકી પડી રહી છે તેનુ ધ્યાન દોરી ઝડપથી કામ પૂર્ણ કરવા માટે કહેવામાં આવ્યુ હતુ.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટના કામો પણ તેની સમય-મર્યાદામાં પૂર્ણ થાય તેવી સૂચનાઓ આપવામાં આવી હતી. વિવિધ બગીચાઓના રિનોવેશનની કામગીરી પણ ધીમી ગતિએ ચાલી રહી છે તેમાં ઝડપ આવે તે જોવા ઈજનેરી શાખાને પણ સૂચના આપવામાં આવી છે. તેમણે કામો સમય-મર્યાદામાં પૂર્ણ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવા પણ સૂચના આપી છે.

આકાશમાં અંગડાઈ લેતા વાદળો વરસ્યા નહી..

સવારથી જ આકરા બફારાથી બેચેન નગરજનો સાંજે વરસાદની વાટે રહ્યા પણ મેઘરાજા દસ્તક દઇને અદ્રશ્ય થઇ ગયા

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં મેઘરાજા મહેર કરે તેવી આશ સાથે રોજ સવારે આકાશ તરફ નજર માંડતા નગરજનો સાંજ ઢળતા ઉદાસ થઈ જાય છે. રોજબરોજ આકાશમાં અંગડાઈ લેતા વરસાદી વાદળો વરસ્યા વિના જ વિખેરાઈ જાય છે. આજે પણ દિવસના અસહ્ય ઉકળાટ બાદ આકાશમાં કાળા ડિબાંગ વરસાદી વાદળો ગોરંભાયા હતા પરંતુ વરસાદ આવ્યો ન હતો. શહેરીજનો અસહ્ય બફારાથી બેચેન બન્યા હતા.

આકાશમાં અંગડાઈ લેતા વાદળો રોજ મસ્તી કરી વિદાય લેતા વરસાદ માથે આવી જાય છે પરંતુ વરસતો નથી. જળ ભરેલા વાદળોનો નઝારો છેલ્લા ઘણાં દિવસોથી નગરજનોમાં વરસાદની આશ જન્માવી રહ્યા છે.

આજે પણ દિવસના અસહ્ય ઉકળાટ બાદ સાંજના સમયે આકાશ કાળા ડિબાંગ વાદળોથી ગોરંભાયુ હતુ. પરંતુ સત વાદળિયા વાતાવરણ વચ્ચે પણ વરસાદ મન મુકીને વરસ્યો ન હતો. આકાશમાં રોજ અષાઢી દ્રશ્યો જોવા મળે છે. પરંતુ નીચે વરસાદી વાયરા વચ્ચે હજુ સુકારો યથાવત છે. માટી ભીંજવી વિદાય લેતા વરસાદના લીધે ઉકળાટથી નગરજનો ત્રસ્ત છે. વરસાદી વાતાવરણ જામે છે. પરંતુ મેઘરાજા હજુ રીસાયેલા મોડમાં છે.

આજે પણ મોડી સાંજ સુધી આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવ જોવા મળ્યો હતો પરંતુ વરસાદ દરરોજની જેમ વરસ્યો ન હતો. અસહ્ય બફારા અને ઉકળાટથી ત્રસ્ત નગરજનો રોજ આકાશ તરફ નજર માંડરીને મેઘરાજા ખમૈયા કરે તેની વાટે છે. પરંતુ વરસાદ હજુ પણ વરસવાનુ નામ લેતો નથી. જુલાઈ મહીનાના અંત સુધીમાં સિઝનનો નોંધપાત્ર વરસાદ થઈ જતો હોય છે પરંતુ આ વર્ષે પ્રારંભિક ચોમાસે જોરશોરથી ગાજયા મેઘ હજુ પણ વાદળોમાં કેદ છે. આજે પણ આકરા બફારાએ સૌ કોઈને બેચેન કરી દીધા હતા.

શહેર-જિલ્લામાં નવો એક પણ કેસ નથી નોંધાયો

ગ્રામ્ય વિસ્તારમાં ડિસ્ચાર્જ નથી અપાયુ પણ એક્ટીવ કેસની સંખ્યામાં ઘટાડો દર્શાવાયો !

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાનો એક પણ નવો કેસ નોંધાયો નથી. ગાંધીનગર શહેર અને જિલ્લામાં હાલ ૫૧ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

હાલ ૫૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ : ગઈકાલે જે દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ હતા તેમાં આજે ૨ નો ઘટાડો દર્શાવાયો છ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ નથી. પરંતુ ગઈકાલે જે દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ હતા તેમાં આજે ૨ નો ઘટાડો દર્શાવાયો છે જે સૌની ચર્ચાનો મુદ્દો બન્યો છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ હોવાનું તંત્રએ જણાવ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં હવે માત્ર ૬૮ વ્યક્તીઓ જ હોમ ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું જણાવાયુ છે. ગઈકાલે બતાવાયેલા હોમ ક્વોરોન્ટાઈન હેઠળના લોકોની સંખ્યા ૧૨૫ હતી તેમાં પણ આજે જે ઘટાડો દર્શાવવામાં આવ્યો છે તેથી તંત્ર આંકડાની રમત રમી રહ્યાનું લોકજીભે ચર્ચાઈ રહ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં આજે નવો કેસ નોંધાયો નથી. જો કે એક દર્દી રિકવર થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરના ચ-માર્ગ પર અન્ડરપાસનુ કામ દિવાળી બાદ શરૂ કરાશે

ગાંધીનગર તા ૧૯

શહેરના ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરી દેવાયા બાદ હાલ ગ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જયારે ટુંકમાં ચ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરવા માટે આયોજન આખરી કરાશે. ચ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરવા માટે ટુંકમાં ડી પી આર તૈયાર કરી દેવાશે. જેમાં અન્ડર પાસની ડીઝાઈન સહીત રૂપરેખા તૈયાર કરાશે જયારે ટેન્ડર પ્રકીયાના અંતે દિવાળી બાદ અન્ડર પાસ બનાવાની કામગીરી શરૂ કરી દેવાશે.

શહેરના મુખ્ય ઘ અને ગ માર્ગ બાદ હવે ચ માર્ગ પર બે અન્ડર પાસ બનાવાની યોજના તૈયાર કરવામાં આવનાર છે. થોડા દિવસો અગાઉ જ અન્ડર પાસની કાર્યયોજનાને નાયબ મુખ્યમંત્રીએ મંજુરી આપી હતી જયારે અન્ડર પાસના નિર્માણ પાછળ પણ અંદાજિત રૂ ૭૨ કરોડનો ખર્ચ કરાશે. શહેરમાં મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ ભ્રારણ ઘટયુ છે. ત્યારે કોસ રસ્તાઓ પણ માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી

ટુંકમાં અન્ડર પાસનો ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરાયા બાદ ટેન્ડર પ્રકીયા હાથ ધરાશે

પુરવાર થઈ રહ્યા છે. જેને અનુલક્ષીને શહેરના મુખ્ય ઘ માર્ગ પર કોર્પોરેશન દ્વારા અન્ડર પાસ તૈયાર કરાયો છે. જો કે અન્ડર પાસની કામગીરીમાં ગુણવત્તા ન જળવાતા આમ નાગરિકોમાં પણ પ્રબળ આક્રોશ જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત રેલવે સ્ટેશન પાસે પણ અન્ડર પાસનુ નિર્માણ કરાયુ છે. આ અન્ડર પાસ હાલ નગરજનો માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યો છે. છેલ્લા બે વર્ષમાં અન્ડર પાસની યોજનાએ જોર પકડયુ છે. નગરના ગ માર્ગ પર હાલ અન્ડર પાસની કામગીરી ચાલી રહી છે. ટુંક સમયમાં આ અન્ડર પાસ પણ તૈયાર થઈ જશે. જયારે હવ ચ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરવા માટે આયોજન કરી દેવાયુ છે. ચ માર્ગ પર ચ-૨ અને ચ-૩ પાસે અન્ડર પાસ બનાવાનુ આયોજન છે. અન્ડર પાસની કાર્યયોજનાને મંજુરી પણ આપી દેવામાં આવી છે. હવે અન્ડર પાસ માટે ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરાશે જેમાં અન્ડર પાસની ડિઝાઈન તેમજ રૂપરંગ આખરી થશે. ત્યારબાદ બન્ને ઠેકાણે અન્ડર પાસ બનાવવા માટે ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં

● અનુસંધાન પાન-૭ પર

શહેરના સેકટરોમાં દાયકાઓ બાદ સ્ટ્રીટ લાઈટના થાંભલાનુ કલરકામ

અગાઉ વાઇબ્રન્ટના રૂટમાં જ બધુ રૂપાળુ કરવા માટે મુખ્યમાર્ગો પર લાઇટીંગ પોલ્સને કલર કરવામાં આવતો હતો : સેકટરોમાં કટાયેલા અને કંગાળ થાંભલાને પણ તબક્કવાર કલર થશે

ગાંધીનગર તા ૧૯

શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા જાળવણીના અભાવે તદન કંગાળ જોવા મળી રહ્યા છે. જો કે હવે તબક્કાવાર સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલરકામ કરવામાં આવી રહ્યુ છે. અગાઉ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન મુખ્યમાર્ગો પર સ્ટ્રીટ લાઈટના થાંભલાનુ કલરકામ સહીત જાળવણી કરવામાં આવતી હતી જયારે સેકટરોમાં કટાયેલા સ્ટ્રીટ લાઈટના પોલ્સ છેલ્લા કેટલાક સમયથી સ્થાનિકો માટે પણ રોષનુ કારણ બન્યા હતા જેને અનુલક્ષીને થાંભલાને સ્માર્ટ બનાવવા રંગરોગાન કરવામાં આવી રહ્યુ છે.

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના કંગાળ થાંભલા સ્માર્ટ સીટીની ઓળખ ઉભી કરવામાં આડશ બન્યા છે. શહેરમાં વિકાસ કામો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. રોડ રસ્તા , બ્યુટીફિકેશન તેમજ બિલ્ડીંગ નિર્માણ પાછળ તોતિંગ ખર્ચ કરાયા બાદ હજુ પણ શહેરમાં માળખાગત સુવિધાઓ અપગ્રેડ થઈ નથી. જો કે પાણી ગટર લાઈનના નવિનીકરણને અનુલક્ષી આયોજન કરી દેવાયુ છે. જયારે સ્ટ્રીટ લાઈટમાં પણ એલ ઈ ડી પ્રોજેક્ટ અમલમાં મુકાયો છે. ત્યારે તંત્ર લાઈટ બીલની બચત થતુ હોવાની વાત સ્વીકારે છે પરંતુ સ્ટ્રીટ લાઈટની સુવિધાઓ હજુ પુરતી મળતી નથી સેકટરોમાં છાશવારે સ્ટ્રીટ લાઈટો ડુલ થવાનો સિલસિલો યથાવત છે.

બીજીતરફ કંગાળ અને કટાયેલા સ્ટ્રીટ લાઈટના થાંભલા પણ નગરની સુંદરતાને ઠેસ પહોંચાડી રહ્યા છે. કેટલાક ઠેકાણે સ્ટ્રીટ લાઈટના થાંભલાના ઢાંકણો પણ તુટેલા જોવા મળે છે. જેથી જોખમી સ્થિતિનુ નિર્માણ થાય છે.

સ્ટ્રીટ લાઈટના મામલે અત્યાર સુધી તંત્ર દ્વારા વાઈબ્રન્ટ સમિટ જેવા અવસરે માત્ર નગરના મુખ્યમાર્ગો પર થાંભલાઓને રંગરોગાન કરવામાં આવતુ હતુ જેના લીધે સકટરોના આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટલાઈટના પોલ્સ કંગાળ જોવા મળે છે. જેને અનુલક્ષીને તત્ર દ્વારા વાઈબ્રન્ટ સિવાયના રૂટમાં અલબત્ત મુખ્યમાર્ગો સિવાય સેકટરોને જોડતા અન્ય રસ્તાઓ પર સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલર કરવાનુ શરૂ કર્યુ છે. આ ઉપરાંત જોખમી થાંભલા પણ દુર કરી દેવાયા છે.

ગુજરાતમાં ૨૧મીથી ફરી મેઘરાજાની ધબધબાટી

હાલમાં દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે : ૨૨ થી ૨૫ જુલાઈ દરમ્યાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડશે

ગાંધીનગર, તા. ૧૯

રાજયમાં હવામાન વિભાગ તરફથી વરસાદને લઈ સારા સમાચાર મળી રહ્યા છે. હવામાન નિષ્ણાતોનું કહેવું છે કે ગુજરાતમાં ફરી ચોમાસુ સક્રિય થશે. જો કે જૂન બાદ ચોમાસુ પાછું ખેંચાયુ હતુ પરંતુ જુલાઈમાં કેટલાક જિલ્લાઓ અને તાલુકામાં સારો એવો વરસાદ થયા બાદ વરસાદે લાંબો વિરામ લીધો હતો જેથી ખેડૂતો ચિંતિત બન્યા હતા અને વરસાદ ન થાય તો ખેડૂતોએ તૈયાર કરેલો પાક બગડી જવાની ભિતિ સેવાઈ રહી હતી. એવામાં વરસાદને લઈ ફરી સિસ્ટમ્સ સક્રિય થતા ખેડૂતો હવે ચિંતા મુક્ત બન્યા છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે ગુજરાતમાં આગામી ૨૧ જુલાઈથી વરસાદ પાછો દસ્તક દેશે અને સાથે અનેક જિલ્લાઓ અને તાલુકામાં મેઘ મહેર થશે. ઉત્તર ગુજરાત સહિત સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી રહી છે. જ્યારે મહેસાણા, પાટણ, સાબરકાંઠા, બનાસકાંઠા સહિત અમદાવાદ, ગાંધીનગર જેવા શહેરમાં પણ સામાન્યથી ભારે વરસાદ રહેશે.

આગામી ૨૨ થી ૨૫ જુલાઈ સુધી રાજયમાં અને અનેક તાલુકાઓમાં જેવા કે તાપી, ડાંગ,

● અનુસંધાન પાન-૭ પર

મનપામાં નાયબ મ્યુનિ. કમિશનર તરીકે સુશ્રી પૂજા બાવડાની નિમણુંક

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય સરકારે આજે પાંચ નાયબ કલેક્ટર કક્ષાના અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે.

સરકાર દ્વારા આજે જારી કરવામાં આવેલ હુકમ મુજબ ગાંધીનગર મહાનગરપાલિકામાં ડે. મ્યુનિ. કમિશનરની જે બીજી જગ્યા ખાલી પડી હતી તે ભરી દેવામાં આવી છે.

આજે કરાયેલા હુકમમાં ગાંધીનગર મનપાના નાયબ મ્યુનિ. કમિશનર તરીકે રાજકોટમાં પુરવઠા અધિકારી તરીકે ફરજો બજાવતા સુશ્રી પૂજા એસ. બાવડાની નિમણુંક કરવામાં આવી છે.

આ ઉપરાંત ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં સ્ટેમ્પ ડ્યુટીના ડે. કલેક્ટર તરીકે ફરજો બજાવતા સુશ્રી જિજ્ઞાસાબેન વેગડાની બદલી પ્રિ. સ્કુટીની ઓફિસર તરીકે ઈછ મહેસુલ તપાસણી કમિશનરમાં કરવામાં આવી છે.

રાજ્ય સરકારે ૪ નાયબ કલેક્ટરોને ઈછ પ્રોજેક્ટમાં મુક્યા છે. જ્યારે એક નાયબ કલેક્ટરને ગાંધીનગર મનપાની છેલ્લા પાંચ માસથી ખાલી પડેલી નાયબ મ્યુનિ. કલેક્ટર તરીકે બદલી કરી છે.

રાજ્યમાં કોરોનાની નિશ્ચિત વિદાય : નવા માત્ર ૨૪ કેસ

આજે ૭૪ દર્દીઓ સાજા થયા : ૩,૯૨,૯૫૩ લોકોનું આજના દિવસમાં રસીકરણ કરવામાં આવ્યું : સાજા થવાનો દર ૯૮.૭૨ ટકા થયો

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં કોરોનાના કેસ તબક્કાવાર કાબુમાં આવી રહ્યો છે. રાજ્યમાં કોરોનાના નવા ૨૪ નવા કેસ સામે આવ્યા છે. આજે ૭૪ દર્દીઓ સાજા થયા, અત્યાર સુધી ૮,૧૩,૯૯૮ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં સાજા થવાનો દર પણ ૯૮.૭૨ ટકાએ પહોંચ્યો છે. તો બીજી તરફ રાજ્યમાં રસીકરણના મુદ્દે પણ સરકાર ભરચક પ્રયાસો કરી રહી છે. આજના દિવસમાં ૩,૯૨,૯૫૩ લોકોનું આજના દિવસમાં રસીકરણ કરવામાં આવ્યું છે. જો રાજ્યમાં હાલ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૪૪૩ કેસ એક્ટિવ છે. જે પૈકી ૦૬ લોકો વેન્ટિલેટર પર છે. ૪૩૭ લોકો સ્ટેબલ છે. ૮,૧૩,૯૯૮ લોકોને ડીસ્ચાર્જ કરવામાં આવી ચુક્યા છે. ૧૦૦૭૬ લોકોનાં મોત નિપજ્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ દર્દીનું મોત નિપજ્યું નથી. અમદાવાદ અને સુરત કોર્પોરેશનમાં માત્ર ૫-૫ કેસ જ આવ્યા છે. જ્યારે ભરૂચ અને વડોદરા કોર્પોરેશનમાં ૩-૩ કેસ આવ્યા છે.

૨૬ જિલ્લામાં એક પણ કેસ નથી જ્યારે ૩ મહાનગર જામનગર, ભાવનગર અને ગાંધીનગર કોર્પોરેશનમાં એક પણ કેસ નોંધાયો નથી. ૮ જિલ્લામાં ૧-૧ કેસ નોંધાયા છે. જો રસીકરણની વાત કરીએ તો રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૨૩૪ને પ્રથમ અને ૧૩૮૦૮ ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૬૯૦૬૭ ને પ્રથમ અને ૮૯૮૪૭ લોકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૮-૪૫ વર્ષના ૨૧૧૭૬૪ લોકોને પ્રથમ અને ૮૨૩૩ લોકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com